ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૦/૨૨-૨૩/ ૭૩૩ તારીખ : 10 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ,**
**કુંભારવાડા, નારી રોડ,**
**મામા ની દેરી સામે, ખાતર વાડી,**
**(ડીલક્ષ ટેલર)**
ભાવનગર.

કેસ નં.૯૦/૨૨-૨૩

**મો.નં- ૯૭૨૭૦ ૩૬૭૭૦**

**વિષય : સોલાર કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૯/૦૧/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૦૧/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૨-૨૩/૨૩૬ તા.૧૩/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૨-૨૩/૫૩૮ તા.૧૦/૦૨/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીના ઈ-સરકાર પત્ર નં. પીજીબીઝેડ/૪૧૨૯૦ તા.૦૬/૦૩/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૩/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા.**

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૦/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૫/૦૩/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ. પંડ્યા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ, મું.ભાવનગરની સોલાર કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૨–૨૩/૮૩૬ તા.૧૩/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૦૨/૨૦૨૩ તથા તા.૧૫/૦૩/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **શ્રી ટી.એમ. પંડ્યા, કાર્યપાલક ઈજનેર**,શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે, અમો ગ્રાહક નંબર–૮૯૯૩૪/૦૦૪૭/૪ શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ, સરનામું – મામા ની દેરી સામે, નારી રોડ, કુંભારવાડા થી ઘર વપરાશનું વિજ જોડાણ રહેણાંક હેતુનું ૦.૫ કિ.વો.વિજ કનેકશન ધરાવીએ છીએ અને અમો દ્વારા પીજીવીસીએલ તરફથી આવતા તમામ બિલો નિયમીત નિયત સમયમાં ભરપાઈ કરીએ છીએ અને પીજીવીસીએલ નું અમારી પાસે કોઈ લેણું બાકી નથી.

૧.૨ વાદીશ્રી જણાવે છે કે, ગ્રાહક નં–૮૯૯૩૪/૦૦૪૭/૪ ઘર વપરાશના કનેકશનમાં સોલાર રૂફ ટોપ કનેકશન ૨.૯૭ કિ.વો. નું આપવા બાબતે અરજી કરેલ છે.

૧.૩ વાદીશ્રી જણાવે છે કે, સોલાર રૂફ ટોપ બાબતે કરેલ અરજી કુંભારવાડા પેટા વિભાગીય કચેરી દ્વારા સદર અરજી દસ્તાવેજની કોપી ન હોવાના કારણે રદ કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar

૧.૪ વાદીશ્રી દ્વારા સદર બાબતે જણાવવામાં આવે છે કે, અમારે ત્યાં પાવતી પ્રમાણે પ્લોટનું વેંચાણ થયેલ છે અને હાલ અમારી પાસે પ્લોટની પાવતી જ છે. તો અમોને સોલાર રૂફ ટોપ કનેકશન આપવા વિનંતી.

૧.૫ વાદીશ્રીની રજૂઆત છે કે, તેમના બાજુના ઘરમાં સોલાર કનેકશન ફીટીંગ કરાવેલ છે. તો, અમોને કનેકશન આપવાની વ્યવસ્થા કરી આપવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર શ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ, ગ્રાહક નં–૮૯૯૩૪/૦૦૪૭/૪ થી ઘર વપરાશનું ૫.૦ કિ.વો નું કનેકશન નારી રોડ, મામાની દેરી સામે, ખાતરવાડી કુંભારવાડા, ભાવનગર ખાતે ધરાવે છે.

૨.૨ અરજદાશ્રીની સોલાર રૂફ ટોપ કનેકશન લેવા માટે અરજી કરેલ છે. જેનો નં–જીયુજે/પી–૨/૨૨–૨૩/આરટી/આરઈએસ/૧૦૫૬૮૮૨૪ છે.

૨.૩ અરજદાર દ્વારા સોલાર રૂફ ટોપ કનેકશનમાં ૨.૯૭ કિ.વો.ના લોડની માંગણી કરવામાં આવેલ છે.

૨.૪ અરજદારનું કનેકશન મફતનગર વિસ્તારમાં આવેલું હોય, સૂર્ય ગુજરાત પોલીસીના પ્રવર્તમાન નિયમાનુસાર સદર ગ્રાહક પાસે સદર વિજ જોડાણ વાળી જગ્યાનો દસ્તાવેજી આધાર પુરાવો હોવો જરૂરી છે.

૨.૫ અરજદાર પાસે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ કરાર કરેલ છે. પરંતુ, અધિકૃત અધિકારી દ્વારા મંજૂર થયેલ માલીકી દસ્તાવેજ નો આધાર પુરાવો હયાત ન હોવાથી, સદર ગ્રાહકને કંપનીના નિયમ પત્ર નં–જીયુવીએનએલ/ટીઈસીએચ/સોલાર–સેલ/સૂર્યા–ગુજરાત/૧૮૭૬ તા.૧૩/૦૭/૨૦૨૧ ના એનેક્ષ્ચર–એ ના સ્ટેજ નં–૧ મુજબ કુંભારવાડા સ.ડિ દ્વારા અરજદારને સોલાર કનેકશન મળવાપાત્ર ન હોવાથી, અરજી રદ કરેલ છે. જેથી, ઉપરોકત માહિતી ને ધ્યાને લઈ, સદર કેસમાં કંપનીની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મુકેશભાઈ બચુભાઈ ગોહિલ, ભાવનગર ને તેમના ગ્રાહક નં–૮૯૯૩૪/૦૦૬૪૭/૪ માં સોલાર રૂફ ટોપ નું કનેકશન પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આપવામાં ન આવતા, તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ તા.૨૨/૦૨/૨૦૨૩ ની પ્રથમ મુદતમાં બંને પક્ષકારો હાજર રહી પોતાની રજૂઆતો કરેલ જે અંગે વાદીએ અન્ય બે ગ્રાહકોને પૂરતા આધાર પુરાવા વગર પ્રતિવાદીએ સોલાર કનેકશન આપ્યા હોવાનું જણાવતા, ફોરમ દ્વારા પ્રતિવાદીને બીજી મુદતમાં તે કેસોની વિગત રજૂ કરવા જણાવેલ.

૩.૩ આજરોજ તા.૧૫/૦૩/૨૦૨૩ ની સુનાવણીમાં પ્રતિવાદી હાજર છે તથા બે પૈકી ઉપલબ્ધ એક કેસની વિગત રજૂ કરેલ છે. જે મુજબ શ્રી ગોવિંદભાઈ છેલાભાઈ ભોકળવા નામના ગ્રાહકને તા. ૧૫.૧૨.૨૦૨૦ ના રોજની અરજીના આધારે તા. ૦૨.૦૪.૨૦૨૧ના રોજ નીચે મુજબનાં દસ્તાવેજોના આધારે સોલાર વીજ

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કનેક્શન રીલીઝ કરવામાં આવેલ છે.

૧) ગ્રાહકની સોલાર કનેક્શન મેળવવા માટેની અરજી ૨) વીજ બીલ ની નકલ ૩) આધાર કાર્ડ ની નકલ ૪) મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરા ભર્યાની પહોંચ ૫) બેંકનો કેન્સલ કરેલ અને ચેક ૬) બાહેંધારી. જયારે આ કેસના વાદી પાસે તે દસ્તાવેજો હોવા છતાં, સોલાર કનેકશન આપેલ નથી. આ અંગે પ્રતિવાદીએ પ્રથમ કેસમાં ભૂલ થઈ હોવાનું સ્વીકારેલ છે.

૩.૪ વધુમાં, રજૂ થયેલ રેકર્ડ મુજબ આ કેસમાં પ્રતિવાદી દ્વારા GERC ના નોર્મ્સ મુજબના જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે. તેમજ જી.ઈ.આર.સી નોટીફીકેશન ન. ૫/૨૦૧૬ તા. ૧૮.૦૬.૨૦૧૬ ના ક્લોઝ ન.૬ તથા ગુ.ઉ,વી,ની.લી. ના પત્ર ન. જીયુવીએનએલ/ટેક/સોલાર-સેલ/સુર્યા-ગુજરાત/૧૮૭૬ તા. ૧૩.૦૭.૨૧ ના સ્ટેજીસ ન.૧ મુજબ વાદી સોલાર કનેક્શન મેળવવા હકદાર ન હોવાની રજૂઆત કરેલ છે. આ તબક્કે વાદીએ રજૂ કરેલ દસ્તાવેજ વાળી માલીકીની જગ્યા સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ગેરકાયદેસર દબાણ હેઠળની હોવાનું ફોરમના ધ્યાને મૂકવામાં આવેલ છે. ઉપરોક્ત સંજોગોમાં પ્રતિવાદીએ હવે શુ કાર્યવાહી કરવી તે અંગેનું માર્ગદર્શન તેમની વડી કચેરી પાસેથી મેળવવું અને ત્યારબાદ, વડી કચેરીની સૂચના અનુસાર કાર્યવાહી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :— ૧૫/૦૩/૨૦૨૩.